# રાજ્યકક્ષાની રગ્બી સ્પર્ધા ગાંધીનગરમાં યોજાઈ





રાજ્યકક્ષાની રગ્બી સ્પર્ધામાં મોટી સંખ્યામાં રાજ્યના ખેલાડીઓએ ભાગ લઈ આ નવી રમતને જબ્બર આવકાર આપ્યો છે. રગ્બીની અન્ડર-૧૯ વિભાગની રાજ્યકક્ષાની સ્પર્ધા ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત થઈ હતી, જેમાં વિવિધ જિલ્લાની ૧૧ ટીમોના ૧૫૦થી વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભાઈઓના વિભાગમાં બનાસકાંઠા ચૅમ્પિયનબન્યું હતું અને સુરત ગ્રામ્ય રનર્સ-અપ બન્યું હતું. બહેનોના વિભાગમાં ૬ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે રાજ્યકક્ષાની વિજેતા ટૂકડીઓને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવશે.

## જન્મદિને વધામણી



નવોદિતા વોરા
મો. ૭૫૬૭૮ ૩૦૩૫૫



હસમુખ જે વાઘેલા
મો. ૯૭૧૪૩ ૯૦૧૧૯

## ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે માઉન્ટ આબુ ખાતે ટ્રેકીંગ કૅમ્પ

ગાંધીનગર, તા. ૯

યુનિવર્સલ ઍસોસિએશન ઑફ ગાંધીનગર દ્વારા ૮થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓ માટે માઉન્ટ આબુ ખાતે ઍડવેન્ચર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા દિવાળી અને ઉનાળુ વેકેશન દરમ્યાન અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, શહેરનું યુનિવર્સલ એસોસિએશન પણ આવી પ્રવૃત્તિઓ યોજે છે.

કૅમ્પ દરમ્યાન ક્લાઈમ્બિંગ, રેપલીંગ, ટ્રેકીંગ, નાઈટ ટ્રેકીંગ, નાઈટ હોલ્ટ, માઉન્ટેન વોક, જંગલ ટ્રેકીંગ, રૂટ ફાઈન્ડીંગ, કૅમ્પ ફાયર, રીવર ક્રોસીંગ, સ્પાઈડરનેટ, ટનલ, બેલેન્સીંગ, સાઈટ સીન જેવી વિવિધ પ્રવૃત્તિો કરાવવામાં આવશે. કૅમ્પમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓને જતી દવે (મો. ૯૭૨૫૦ ૭૨૩૨૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાજ્ય તાંગસુડો સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા



ગાંધીનગર ટે ક્વોન ડો આયોજિત રાજ્યકક્ષાની તાંગસુડો (કરાટે) સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓએ વિજેતા ક્રમ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ભોરીંગડા, અમરેલી ખાતે આયોજિત આ સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં અનિકેત ધોતરે અનો રનક પરમાર પ્રથમ ક્રમે, ગૌરવ પ્રજાપતિ દ્વિતિય ક્રમે અને કાવ્યા વ્યાસ, ક્રિસા પટેલ, હિના રાણા, શિવાની મકવામા અને કિશન ઠાકોર તૃતિયે ક્રમે વિજેતા બન્યાં હતાં. આ સફળ ટીમનું નેતૃત્વ જતીન દવે, અજય જાડેજા તથા હેતલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ટે ક્વોન ડો એસોસિએશન તરફથી વિજેતા ખેલાડીઓ અને સફળ સુકાનીઓને અભિનંદ પાઠવવામાં આવ્યા છે.

## ડૉ. રણછોડ રથવીને રાષ્ટ્રકક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો ઍવોર્ડ

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની પસંદગી શ્રેષ્ટ ઍનઍસઍસ યુનિટ તરીકે કરવામાં આવી

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીનો સ્વયંસેવકોએ શ્રેષ્ઠ કામગીરીના માર્ગદર્શન અને પ્રશંસનીય લોકસેવાના સન્માનાર્થે ભારત સરકારના યુવક સેવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રાલય તરફથી બેસ્ટ પ્રોગ્રામ ઑફિસરનો ઈન્દિરા ગાંધી નેશનલ ઍવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.



ડૉ. રથવી ૧૯ નવેમ્બરના રોજ રાષ્ટ્રપતિ ભવનના દરબાર હૉલમાં મહામહિમ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે ઍવોર્ડનો સ્વીકાર કરશે.

ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાંથી ગુજરાતના ડૉ. રણછોડ રથવીને બેસ્ટ પ્રોગ્રામ ઑફિસરનો ઍવોર્ડ અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજને શ્રેષ્ઠ ઍનઍસઍસ યુનિટ તરીકે પસંદ કરવામાં આવતાં કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ પટેલ કૉલેજ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

## રણછોડ રથવીને નગરજનો સંસ્થાઓ તરફથી અભિનંદનનો પ્રવાહ

ગાંધીનગર, તા. ૯

સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અધ્યાપક અને ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીને રાષ્ટ્રકક્ષાનો ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ઍવોર્ડ એનાયત થતાં નગરના શિક્ષણ જગતમાં આનંદની લાગણી ફેલાઈ છે.

શિક્ષણપ્રેમી, પ્રવૃત્ત અનેક વ્યક્તિઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ આ બાબતને આવકાર આપતાં ડૉ. રણછોડ રથવી પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહાવ્યો છે.



સૅન્ટ ઝેવિયર્સનાં શિક્ષિકા નયનાબેન દેસાઈ પોતાની ૨૭ વર્ષની સુદીર્ઘ કારકિર્દી બાદ નિવૃત્ત થતાં પ્રિન્સિપાલ ફાધર હૅક્ટર તથા સ્ટાફ દ્વારા તેમને શુભકામનાઓ સહિત વિદાય આપવામાં આવી હતી.

## મનોરંજન

**સિનેમૅક્સ**

**સ્ક્રીન-૨**

મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**

ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**

શાનદાર
૧.૦૦
ગુડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**

મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

## પ્રતિભાશાળી યુવાનનું મુખ્યમંત્રી દ્વારા સન્માન



ગાંધીનગર, તા. ૯

સૅન્ટર ઑફ ગવર્નન્સ સિસ્ટમ દ્વારા પ્રેરીત અને જીયુટુ આયોજિત સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા થનારા રાજકોટના યુવાન હાર્દિક સોરઠીયાને ઈનામ તથા રોકડ રકમના માધ્યમથી જીટીયુના વાઈસ ચાન્સેલર દ્વારા નવાજવામાં આવ્યો હતો. આ જ સંદર્ભમાં રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ હાર્દિકને સન્માનિત કર્યો હતો અને હાર્દિક જેવા યુવાનો રાજ્યને મળતા રહે તો ગુજરાત ઓર ગતિશીલ બનતું રહેશે એવી લાગણી અભિવ્યક્ત કરી હતી.

## અહીં છે સૌને લીલાં લહેર, સૌનું પ્યારું ગાંધીનગર શહેર




ગાંધીનગરના વિચારવંત કવિઓએ આલેખ્યાં નગર કાવ્યો... ગાંધીનગર સાહિત્ય સભા અને ગાંધીનગર શહેર વસાહત મંડળના ઉપક્રમે આયોજિત ગાંધીનગરના ૫૧મા જન્મદિવસે કવિઓએ શહેરને કલ્પનાના રંગે અને વાસ્તવિક વાતો સાથે સહર્ષ રજૂ કર્યા

ગાંધીનગર, આંધીનગર, બાંકડા નગર, વિદ્યાનગર, સાંસ્કૃતિક નગર, નિવૃત્તિનું નગર, હરિયાળું નગર, પ્યારું નગર, અનુપમ નગર, ગાંધી વગરનું નગર, ગજબ નગર, વહીવટનું નગર, સીઆર-જીારનું નગર, લાગણીનું નગર... કેટલાં કેટલાં વિશેષણ સાથે ગાંધીનગરના કવિઓ ખીલ્યાં હતા. પ્રસંગ પણ એવો જ હતો, બીજી ઑગષ્ટે ગાંધીનગરે એના ૫૧મા વર્ષમાં પ્રવેશ કર્યો અને એને અનુલક્ષીને નગર કાવ્યોનો, નગરના કવિઓ દ્વારા એની યશગાથા ગાવાના કે વિવિધ રૂપો દર્શાવવાનો એક સંનિષ્ઠ પ્રયાસ કર્યો.

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની વિદાયને કારણે વિલંબમાં પડેલા આ કાર્યક્રમ માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રુખ ભરત કવિ અત્યંત ઉત્સાહીત હતા... ગાંધીનગરમાં ૧૯૭૩માં પ્રથમ કવિ સંમેલન થયું હતું અને ફરી કવિ કિશોર જીકાદરા અને સુધીર દેસાઈના દિલી પ્રયત્નોને કારણે આ અનોખું કાવ્ય સંમેલન રોમાંચક રીતે પાર પડ્યું...

ગાંધીનગર સાહિત્ય સભાની નિયમિત મળતી માસિક બેઠકમાં આ કાર્યક્રમ રજૂ થયો જેનું માહિતીસભર, સમતુલીત સંચાલન માહિતી ખાતાનાં અધિકારી અને કવિયત્રી પ્રજ્ઞાબેન પટેલે કર્યું... ગાંધીનગરના ગુણગાનના આ કાવ્ય સંમેલનમાં ૪૫ સર્જકોએ એમની કૃતિઓ મોકલી હતી, જે પૈકી ૩૨ કવિઓ હાજર રહ્યાં હતાં, જેમાં દેવજીભાઈ થાનકી (સર્વત્ર લીલા લહેર છે), ચંદ્રાબેન શ્રીમાળી (જુઓ ગુલમહોર ને ગરમાળા), રમણલાલ શ્રીમાળી (અમારું પાટનગર ગાંધીનગર), કવિ મુલાંકી (ગાંધીનગર, ભાઈ શું એની ડગર), એન ડી જોષી (પેન્શનનો છે મજબૂત ટેકો), નટવર હેડાઉ (ફુલોની નગરી), ભાનુપ્રસાદ પુરાણી (સ્વપ્નની વણઝાર લઈ આવ્યાં હતાં), ગિરીશભાઈ નીલગીરા (પોપટ પાટનગરમાં ફરવા ગાય), સુરેશ ડી ભટ્ટ (ફાલ્યું પ્રદૂષણ), રઘુસિંહ ગોલ (હાઈકુ), બાબુલાલ વણઝારા (વસે ગાંધી નામે- શિખરીણી સોનેટ), રવિ પટેલ (ફુલછોડનું શોભતું ગાંધીનગર), મોહન પરમાર (બોલ્યા વગર), સ્વાતિ શુક્લ (તોય જોને કેવું અડિખમ ઉભું છે), ગીતાબેન જાખીયા (યહી હમારા ગાંધીનગર હે), ભરત કવિ (અનુપમ, અનેરું આ ગાંધીનગર છે), ઈશ્વર દેવશંકર જોષી (નવલું ગાંધીનગર), રણછોડભાઈ પરમાર (સત્યથી ઝળહળે મારું નગર), બી બી ચૌહાણ (ગાંધીનગરમાં બેઠાં મહાત્મા), મુળજીભાઈ પરમાર (રાજકારણનું ધબકતું નગર છે), ભરત પાઠક (નગરી આ સુંદર બની), મહેન્દ્ર રાઠોડ (નાક વગરનાં નકટાઓ છે બધાં), મહેન્દ્ર ચૌહાણ (ઉજવશું ગાંધીનગર), રમણભાઈ વાઘેલા (એટ એટલાં સ્મરણ નગરનાં), વૃંદાવનભાઈ (આ ગાંધીનગર છે), સંજય થોરાત (ગાંધીનગર મજાનું લાગે), પ્રતીક શ્રીમાળી (બનાવ્યું ગાંધીનગર), બાબુદાન ગઢવી (ગુજ્જુ ગજબ તાકાતનું ગાંધીનગર), ડૉ. મુકેશ જોષી (૭૦ના દાયકાનું નગર), નટુભાઈ ગજ્જર (ચાલો ગાંધી), પ્રવીણભાઈ ગઢવી (લીલું લીલું હરિયાળું ગાંધીનગર) અને પ્રજ્ઞાબેન પટેલ (મારૂં ગાંધીનગર વ્હાલું ગાંધીનગર)નાં નામનો સમાવેશ થાય છે.

કંટ્રાટી તું તારે રેતીમાં મહેલ બાંધ, ફક્ત આપણાં પચાસ ટકા રાખ, ધૂળ ખાતી ફાઈલોને સત્તરમું બેઠું એને અચાનક ફુટી ગઈ પાંખો, મંદિરનો દરવાજો જાતે ખોલીને રામ, રાવમની પહોંચ્યા તહેનાતમાં, એવાં ગાંધીનગરમાં બેઠા મહાત્મા...આ ધારદાર અને ચોટદાર રચનાના સર્જક બી બી ચૌહાણની રચના સર્વશ્રેષ્ઠ સાબીત થઈ ગઈ... નટુભાઈ ગજ્જરે વ્યંગ-હાસ્ય સાથે ગાંધીનગરના વિવિધ પાસા બતાવી મોજ કરાવી...

ગીતાબોન જાખીયાએ ગાંધીનગરનું પ્રેરણાગીત ગાઈને સૌને આનંદીત કર્યા તો બાબુલાલ વણઝારાએ છંદમાં એકદમ ફીટ એવા શિખરીણા સોનેટથી કાવ્યની ગરિમા બતાવી હતી.

ભરત પાઠકે પણ એમની કૃતિ ગાઈને રજૂ કરી તો રમણલાલ શ્રીમાળીએ એમના ખંડ (કે અખંડ) કાવ્યમાં ગાંધીનગરની માહિતી ઠાંસી ઠાંસીને ભરી એમની અવલોકન દૃષ્ટિની નોંધ લેવડાવી.

ભાનુપ્રસાદ પુરાણીએ રમેશ પારેખની બે પંક્તિ ટાંકી આ શહેર તમારાં મનસુબા ઉથલાવી દે, કહેવાય નહીં... સાથે સ્મૃતિ વાગોળી તો નટવર હેડાઉએ ગાંધીનગરની હરિયાળી અને ફુલોની વાત સાથે અનોખી સુંગધ ફેલાવી... મોહન પરમાર નામના કવિ (!) 'બોલ્યા વગર' કાવ્ય સાથે આવ્યા હતા, પણ અતિશય બોલીને એમણે રીતસરનો શ્રોતાઓ પર અત્યાચાર જ કર્યો... કાર્યક્રમમાં માઈકની વ્યવસ્થા હતી પણ એ પોતાનો સૂર પુરાવી કવિઓને ટેન્શનમાં લાવવાનું કામ જ વધુ પડતું કરી ગયું. ગાંધીનગરના કવિઓ દ્વારા નગર રચનાઓ જે પ્રસ્તુત થઈ અને સંગ્રહ રૂપે મૂકવાની વાત પણ મંચ પરથી કરવામાં આવી. ગાંધીનગર શહેર એની વિવિધતાને કારણે, વ્યવસ્થાને કારણે, સ્મારકો, નેતા, ફરવાલાયક સ્થળ, સુંદરતા, હરિયાળી, પ્રવૃત્તિઓને લઈને એક કૉસ્મોપૉલિટન શહેરની ઓળખ ધરાવે છે. એક જ વિષયને દરેક સર્જકો કેવી રીતે સજાવે છે એ માણવું ખરેખર રોમાંચક હતું. શહેરનાં વિવિધ પાસાઓને રચનામાં ઢાળી છંદ-તરન્નુમમાં રજૂ કરવાનો આ ઉત્તમ પ્રયાસ બિરદાવવાને લાયક છે.



તસવીર : કશ્યપ નિમાવત

અહીં અંધારું પૂનમની રાતમાં
એવાં ગાંધીનગરમાં બેઠાં મહાત્મા
- બી બી ચૌહાણ

ગાંધીનગર સૌને ખોળે બેસાડી, મોજમજાથી લાડ લડાવે
વતન કહ્યું ના કોઈએ તો પણ, છો એ દિલનો પ્યાર લાગે
- સંજય થોરાત

એક વૃક્ષ બીજા વૃક્ષને અહીં ડાળી ફેલાવી પૂછે
આપણી જેમ અહીં માણસ, બીજા માણસ સુધી ક્યારે જશે ?
- ભાનુપ્રસાદ પુરાણી

## કાળી ચૌદશ

કાળાં કાળાં કામ સૌ કાળી રાતે થાય,
ચાંદલીયો ઉગે જરા કોઈને ના દેખાય

ટમટમ કરતાં તારલા અચરજ માંહે નાહ્યા
કાળા શિરનો માનવી કાળો શીદનો થાય !

કોઈ મનાવે ભૂતને, કોઈ મનાવે કાળ,
કાળા દોરા ગુલાબને કાંડે પણ બંધાય

નાનકડા એ બાબતે કેમ કરી સમજાય,
કંકુ કોરાણે મૂકી કાળું ટીલું થાય

નારી અંધારું થતાં મૂંગી મૂંગી જાય,
ચોકડીએ કકળાટને મૂકી વળતી થાય

રસ્તા વચ્ચે ઢેબરાં, પૂરી, વડાં અથડાય,
ખાનારાં તો ખાઈ ગયાં, કૂતરાને શું થાય ?

ગલકાનાં ભજીયાં ખાઈ પળમાં રાજા થાય,
સવાર પડતાં ફાટલી ચડ્ડી ફટ પહેરાય

કાલ દિવાળી થ ઈ જશે, આજે કાળી રાત,
મોજ, મઝા, આનંદ બહુ શમણામાં લૂંટાય

- રણછોડ વી પરમાર